ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૯-૨૦૧૩, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### 'એન્ગ્રી યંગ મેન'નો આક્રોશ

રાજકીય રંગે રંગ્યા વગર, તટસ્થ નિરીક્ષણ કરવામાં આવે તો યુપીએ સરકાર દ્વારા ઉતાવળે બહાર પાડી દેવામાં આવેલા વટહુકમ સામે કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને સર્વમાન્ય યુવા કર્ણધાર રાહુલ ગાંધીએ વ્યક્ત કરેલા આક્રોશમાં સમગ્ર દેશની પ્રજાનો અવાજ સંભળાશે. ઈંદિરા ગાંધીએ ક્યારેક 'આત્માના અવાજ'ને અનુસરી પાર્ટીના આદેશ વિરુદ્ધ મતદાન કરવાની હાકલ કરેલી, તે પ્રસંગ યાદ આવ્યા વગર નહીં રહે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના અધિકૃત ઉમેદવાર સંજીવ રેડ્ડી વિરુદ્ધ બળવાખોર વી.વી. ગિરિની તરફેણ કરીને ઈંદિરા ગાંધીએ એમને જિતાડી દીધા હતા. રાહુલ ગાંધીએ સંકટમાં ફસાયેલા મનમોહન સરકાર દ્વારા પસાર કરાયેલા દોષિતોને મોકળું મેદાન આપતા અધ્યાદેશને ફાડીને કચરા ટોપલીમાં ફેંકી દેવાનું કરેલું નિવેદન એક તરફ પોતાના જ પક્ષના નેતૃત્વ હેઠળ ચાલતી સરકારના ગાલ ઉપર તમાચા સમાન છે, તો બીજી તરફ એ વટહુકમથી દેશની પ્રજામાં કોંગ્રેસ વિરુદ્ધ બેજવાબદાર વિપક્ષ દ્વારા ઊભા કરાઈ રહેલા વિવાદ સામે રક્ષણાત્મક ઢાલની ગરજ સારે એમ છે. દોષિત સાંસદો અને ધારાસભ્યોની વિરુદ્ધમાં સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદાથી ઊભી થયેલી પરિસ્થિતિ માંથી રસ્તો કાઢવાની તો ભાજપ સહિત તમામ રાજકીય પક્ષોને ગરજ છે. એ બધાએ સર્વપક્ષીય બેઠક કરીને કાયદો સુધારવાનો નિર્ણય પણ કર્યો હતો અને એ ખરડાને માત્ર ડાબેરી પક્ષોના સાંસદો સિવાય બધાએ એકી અવાજે સમર્થન પણ આપ્યું હતું. એ માટે ખાસ સંસદનું સત્ર વધુ એક દિવસ લંબાવાયું હતું. તમામ પક્ષોમાં 'દાગી' સાંસદો છે અને એમને સુપ્રીમ કોર્ટના કડક આદેશ સામે ખાસ કાયદો કરી બચાવવા પડે એમ છે. આવા દેખીતી રીતે ભ્રષ્ટ તત્ત્વોને છાવરતા વહેવારુ અને લોક વિરોધી પગલા સામે દેશભરમાંથી વિરોધનો સૂર ઊઠતાં કોંગ્રેસ પક્ષ વિમાસણમાં મુકાઈ જાય તે સ્વાભાવિક હતું. જે મુદ્દે સર્વપક્ષીય બેઠકમાં નવો દોષિતોની તરફેણનો કહી શકાય એવો કાયદો લાવી સુપ્રીમ કોર્ટના આદેશને નિરસ્ત કરવામાં બધા સહમત થયા અને સરકારે ઓર્ડિનન્સ બહાર પાડતાંની સાથે એની વિરુદ્ધ હોબાળો મચાવી કોંગ્રેસને બદનામ કરવાના કારસા શરૂ કરી દીધા. અડવાણીની આગેવાની હેઠળ બધા રાષ્ટ્રપતિને ગુહાર લગાવવા દોડી ગયા. આ પ્રકારના વિપક્ષી વલણથી દોષનો ટોપલો કોંગ્રેસના માથે ઢોળી દેવાના વિપક્ષી વ્યૂહ સામે રાહુલ ગાંધીએ કદાચ પ્રતિવ્યૂહાત્મક હુમલો કરવાની ગણતરીથી એમનું ઐતિહાસિક અને 'નાટકીય' નિવેદન કર્યું હોય તો પણ એ આવકારદાયક એટલા કારણસર છે કે એથી હવે યુપીએ સરકારને એનો વટહુકમ પાછો ખેંચી લેવાની ફરજ પડશે. રાહુલ ગાંધીએ જે લોક સોંસરવી ભાષા વાપરી છે તે એમના નિખાલસ વ્યક્તિત્વની પરિચાયક છે. માત્ર ત્રણ મિનિટ પૂરતા પ્રેસ કલબમાં 'પ્રગટ' થઈને એમણે આખેઆખી સરકારને અને વિપક્ષને એકીસાથે સ્તબ્ધ બનાવી દીધાં છે. એમની સમજણ પર માન થવું જોઈએ કારણ કે એમાં દેશના આમ મતદાતાના મનમાં વર્ષોથી ઘોળાતી વ્યથાનો જવાબ છુપાયેલો છે. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ અને ભાજપ સહિત તમામ રાજકીય પક્ષો રાજકીય મજબૂરીના નામે સમાધાનો કરતા ફરે છે. આ સ્થિતિ બદલવી જ રહી. નાની નાની બાબતોમાં સમાધાન કરતા રહીશું તો આગળ દરેક જગ્યાએ સમાધાનો કર્યા કરવાં પડશે. ભ્રષ્ટાચાર મુદ્દે કોઈ સમાધાન ન જ થવું જોઈએ. રાહુલના આ પુણ્યપ્રકોપથી બેઉ તરફ સોપો પડી ગયો છે. મનમોહનસિંહને વોશિંગ્ટન બેઠાં સોનિયા ગાંધીને ફોન કરવો પડ્યો. વડાપ્રધાનને રાહુલ ગાંધીનું આવું આત્યંતિક વલણ કઠ્યું હોવા છતાં પક્ષના સુકાની સામે એ કોઈ વિરોધ વ્યક્ત કરી શકવાની સ્થિતિમાં નથી. રાહુલ ગાંધીએ કોગ્રેસની બગડતી છબી સુધારવા માટે જ આવું વલણ અપનાવ્યું છે. અલબત્ત, એથી મિશ્ર પ્રત્યાઘાતો સાંપડ્યા છે પરંતુ જો રાહુલ ગાંધી એમનું આવું જ શુદ્ધતાવાદી વલણ પકડી રાખશે તો લાંબા ગાળે તે કોંગ્રેસના હિતમાં જ હશે. સરકારને માટે હવે અધ્યાદેશ પાછો ખેંચવા સિવાય બીજો વિકલ્પ જ બચ્યો નથી. માટે બે'ક દિવસથી મિલિંદ દેવડા જેવા યુવાન કેંન્દ્રીય મંત્રી અને શીલા દીક્ષિત જેવાં પીઢ અગ્રણી પણ અધ્યાદેશ મુદ્દે સરકારના વલણથી વિરુદ્ધ અભિપ્રાય આપતાં રહ્યાં હતા. અલબત્ત, નીતીશ કુમારથી લઈ શ્રીશ્રી રવિશંકર અને ડાબેરીઓ સુધીનાં વર્તુળોમાં રાહલુના અભિગમને આવકાર મળતાં ભાવિ સમીકરણો માટેની પણ ભૂમિકા રચાતી જોઈ શકાય છે. રાહુલની આ રણનીતિ કેવા રંગ લાવશે એ તો સમય જ કહી શકે. આ મુદ્દે હાલ પૂરતી તો એમણે 'ભાજપની હવા કાઢી નાખી છે.' એવા દિગ્વિજયસિંહના નિરીક્ષણ સાથે સહમત થવું પડે એમ છે.

### કોઈપણ ઉંમરે કાયદાનો અભ્યાસ કરી શકાશે

# એલ.એલ.બી. માટે વયમર્યાદા માટે નિયમ આખરે પાછો ખેંચાયો

## વયમર્યાદાનો પ્રતિબંધ હટાવી લેવાતા વિદ્યાર્થીઓને રાહત

ગાંધીનગર, તા.૨૮

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી એલએલબીનો અભ્યાસ કરવા માટેની વયમર્યાદાનો પ્રતિબંધ હટાવી લીધો છે. જેથી હવે વ્યક્તિ કોઈપણ ઉંમરે એલએલબીમાં પ્રવેશ મેળવી કાયદાનું શિક્ષણ મેળવી શકશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ વર્ષ ૨૦૦૮માં લીગલ એજ્યુકેશન રૂલ્સમાં શિડ્યુઅલ ત્રણની કલમ ઉમેરી હતી. જે મુજબ ત્રણ વર્ષના એલએલબીના બેચરલ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે મહત્તમ વયમર્યાદા ૩૦ વર્ષ નક્કી કરવામાં આવી હતી.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના આ નિયમથી વધુ વયમર્યાદા ધરાવતા લોકો એલએલબીના અભ્યાસથી વંચિત રહેતા હતા. જેની સામે કેટલાક ઉમેદવારો હાઈકોર્ટમાં અરજી કરી હતી જેની સુનવણી દરમિયાન હાઈકોર્ટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના આ નિયમ સામે સ્ટે આપ્યો હતો જેને સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરીને પડકારવામાં આવ્યો હતો. પરંતુ હવે ખુબ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ જ વયમર્યાદા પ્રતિબંધની જોગવાઈ નાબુદ કરી દીધી છે. જેથી કોઈપણ ઉમરના વ્યક્તિઓ હવે એલએલબીના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે અને કાયદાનું શિક્ષણ મેળવી શકશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયા સહીત અને મોટી ઉમરના વ્યક્તિઓ કાયદાના જ્ઞાન માટે એલએલબીનો અભ્યાસ કરી રહી છે. પરંતુ બાર કાઉન્સિલના વયમર્યાદાના કાયદાના કારણે તેમના તકલીફોનો સામનો કરવો પડી રહ્યો હતો તેવામાં ખુદ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ પ્રતિબંધ હટાવી લેતા હવે કાયદાના કાર્યવાહીમાં પડ્યા વિના કાયદાનું શિક્ષણ મેળવી શકશે.

### એન.એસ.એસ.ડે.ની ઉજવણીમાં કડી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ બાજી મારી

રાજયકક્ષાની એન.એસ.એસ. દિવસની ઉજવણી ગુજરાત યુનિવર્સિટીના યજમાન પદે સેનેટ હોલ, ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાઈ ગયો.

રાજયની તમામ યુનિવર્સિટીઓમાંથી પસંદગી પામેલી કોલેજો દ્વારા એન.એસ.એસ. દિવસની ઉજવણી ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયો. જેમાં શહેરમાં આવેલ કડી યુનિવર્સિટીના ૧૧ વિદ્યાર્થીઓએ ૨૦ જેટલી સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં કડી યુનિવર્સિટીનાં પાંચ વિદ્યાર્થીઓએ ગરબા સ્પર્ધા, શોર્ટ સ્ટોરી, કાવ્ય પઠન, સમૂહગાન સ્પર્ધા અને સ્કીટ



સ્પર્ધામાં મેદાન મારી યુનિવર્સિટીનું ગૌરવ વધારેલ છે. ગાયત્રી પંચાલ, જયકિશન અજુડિયા, હાર્દીક પટેલ, ઉર્વશી પટેલ, શ્વેતા સણોલ, નૂપુર શાહ અને ઈશિતા શાહને રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ડિરેક્ટર પ્રો. કાપડિયા સાહેબ, ડૉ. કનુભાઈ પટેલ, પ્રિન્સીપાલ ડૉ. જે.જે. ભટ્ટ દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ સ્પર્ધાનું કમામ ડૉ. રણછોડભાઈ રથવીએ સંભાળી હતી.

## ૪૯મી ગુજરાત સ્ટેટ શુટિંગ સ્પર્ધા યોજાઈ

અમદાવાદ, તા.૨૮

ગુજરાત રાજયની રાજય કક્ષાની ૪૯મી ગુજરાત સ્ટેટ શુટિંગ સ્પર્ધા ૨૦૧૩ રાઈફલ કલબ ખાનપુર ખાતે યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ઓલમ્પિકમાં નામ રોશન કરનાર લજ્જા ગોસ્વામી સહિત કોમલ બારોટ, રૂષિરાજ બારોટ, નેશનલ રેકોર્ડ અને ચેમ્પિયન નરેન્દ્ર ઓઝા વગેરે પ્રતિષ્ઠીત ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઈન્ટરનેશનલ ઓલમ્પિક કમિટિ દ્વારા માન્ય રમત ગન શુટિંગને ભારત સરકારે પ્રાયોરિટી ગેઈમમાં મુકેલ છે. રાઈફલ કલબ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ૬ આંતરરાષ્ટ્રીય સજજ અને ૩૦ અધિકારીઓએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં રૂષિરાજ બારોટે ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ૧૩ સુવર્ણ અને ૨ રજત ચંદ્રક મેળવ્યા હતાં. આ ઉપરાંત લજ્જા ગોસ્વામીએ તેમણે ભાગ લીધેલી બધી રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. કોમલ બારોટ, બંસરી શાહ વગેરેએ પણ નોંધપાત્ર દેખાવ કર્યો હતો. આ સ્પર્ધામાં જયોતિન્દ્ર પાઠક, દિલીપ આયાચી, બ્રહ્માપુરી ગોસ્વામી તથા સ્પોર્ટસ એવોર્ડ મેળવનાર પ્રવિણ પટેલ, ઉમેશ ચેવલીએ ભાગ લીધો હતો. વિજેતાઓને લક્ષ સંસ્થાના પ્રમુખ અને જાણીતા બિલ્ડર એન.જી. પટેલ, રાઈફલ કલબના પ્રમુખ બિમલ શાહ, મહામંત્રી નરેન્દ્ર ઓઝા અને સહમંત્રી અતુલ બારોટના હસ્તે ઈનામો અપાયા હતા.

# ગુજરાત વિદ્યાપીઠ કેમ્પસમાંથી મહિનામાં ૬૯ કોબ્રા પકડાતા વિદ્યાર્થીઓની જાન પર સંકટ

## છેલ્લા એક મહિનામાં ઘણા ઝેરી કોબ્રા નજરે પડી ચુક્યા છે : વિદ્યાપીઠ કેમ્પસમાંથી કોબ્રા સાપ પકડાતા દોડધામ

અમદાવાદ, તા.૨૮

ગુજરાત વિદ્યાપીઠ કેમ્પસમાં આજે કોબ્રા સાપ દેખાતા વિદ્યાર્થીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જો કે આ અંગે વનવિભાગ સાથે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાને જાણ કરતા સંસ્થાના કાર્યકર્તાઓએ તાત્કાલીક ધોરણે કોબ્રાને પકડી લેતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ શહેરના આશ્રમ રોડ જેવા પોશ વિસ્તારમાં આવેલ ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અસલામતી અનુભવી રહ્યા છે. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને સાપનો ભય સતાવી રહ્યો છે. કારણ કે ઘટાદાર વૃક્ષો સાથેના કેમ્પસમાં કોબ્રાએ જાણે ઘર બની ગયું છે. છેલ્લા એક મહિનામાં વિદ્યાપીઠના કેમ્પસમાં ૬૯ કોબ્રા પકડાઈ ચુક્યા છે. ત્યારે વિદ્યાપીઠના કેમ્પસમાં આજે ફરી એકવાર કોબ્રાએ દેખા દેતા વિદ્યાર્થીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જો કે તેને તત્કાલીન પકડી લેવામાં આવતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જાણીને લાગશે કે છેલ્લા એક મહિનામાં વિદ્યાપીઠના કેમ્પસમાં ૬૯ કોબ્રા સાપ પકડાઈ ચુક્યા છે ત્યારે ચાર ફુટ લાંબા કોબ્રાએ ફરી દેખાઈ દેતા વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ અંગે વિદ્યાપીઠ પ્રસારને વનવિભાગ સાથે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાને જાણ કરતા સંસ્થાના કાર્યકર્તાઓએ પોતાની આગવી કળાથી કોબ્રાને પકડી પાડ્યો હતો. જો કે વિદ્યાપીઠમાં અવારનવાર દેખાઈ દેતા કોબ્રાઓએ વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભયમાં મુકી દીધા છે. વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેમ્પસની નિયમીત સફાઈ કરવા માટે માંગ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે મહાત્મા ગાંધીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ તાજેતરમાં મોબાઈલ સાથે પકડાયેલા વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવાને લઈને પણ ચર્ચામાં રહી હતી.





આપણા નવરાત્રી પ્રોગ્રામનું નામ 'નાઈન-નાઈટ-નેચરલ-રેઈન-ડાન્સ' એવું આપી દીધું... હવે ભલે જેટલો વરસાદ પડવો હોય તેટલો પડે...!!

## એનએસએસ ડેની ઉજવણીમાં વ્યસન મુકિત અભિયાન

ગાંધીનગર, તા.૨૮

સેકટર-૧૫માં આવેલ સરકારી વાણિજય કોલેજમાં એન.એસ.એસ.ડીની ઉજવણીનું આયોજન કરાયું હતું. આ નિમિત્તે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના યુવા કોષ્ટ દ્વારા વ્યસન મુકિત અભિયાન હાથ ધરાયું હતું.

વ્યસનોથી થતા નુકસાન-દર્દો દર્શાવતા ચિત્રોનું પ્રદર્શન કોલેજના કોરીડોરમાં યોજવામાં આવ્યું હતું. તેમજ કોલેજના હોલમાં આશરે ૩૫૦ વિદ્યાર્થીઓની સમક્ષ પ્રોજેકટર વડે ગુટકા-બીડી, તમાકુ, દારૂ વગેરેથી થતા નુકશાન અંગે સચિત્ર સ્લાઈડ શો યોજવામાં આવ્યો હતો. તમાકુથી થતા કેન્સરથી લઈને અસરગ્રસ્તના મૃત્યુ સુધીનું આંખ ઉઘાડનારું નિરૂપણ આ શોમાં દર્શાવવામાં આવ્યું હતું. આશરે ૮૫ જેટલા વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા પત્ર ભરી વ્યસન મુકત રહેવાનો નિશ્ચય કર્યો હતો તેમને ગાયત્રી પરિવાર દ્વારા ચૂર્ણ આપવામાં આવ્યું હતું.

આ ઉત્સવની ઉજવણીની સમગ્ર વ્યવસ્થા કોલેજના પ્રિન્સીપાલ એસ.જી. દેસાઈ અને પ્રાધ્યાપક તુષાર રાણાએ સંભાળી હતી. ગાયત્રી પરીવાર ટ્રસ્ટ તરફથી ગુજરાતના પ્રતિનિધિ કિરીટ સોની, વેરાભાઈ પટેલ અને પિનાકીન વ્યાસે આ અભિયાનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ગાયત્રી પરિવારના ટ્રસ્ટી ગોવિંદભાઈ પટેલ, ગોવિંદભાઈ નાયી, બાબુભાઈ પંચાલ, નટુભાઈ પટેલ તથા ભોગીભાઈ ઠકકરે આ પ્રસંગે ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહન પુરું પાડયું હતું. યુવાનોને ગામ-સમાજ પરિવારમાં વ્યસનીઓને ચેતવવા પણ હાકલ કરી હતી. આ કાર્યક્રમ તા. ૨૪મી સપ્ટેમ્બરે યોજાયો હતો.

## અડાલજની માણેકબા પીટીસી કોલેજમાં બેન્કીંગ જાગૃતિ વિશે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૮

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજમાં બેન્ક ઓફ બરોડા શાખા અડાલજ દ્વારા તાલીમાર્થી બહેનોમાં બેન્કીંગ વિશે જાગૃતિનો કાર્યક્રમ યોજાઈ ગયો.

ગાંધીનગર શહેરની પાદરે અડાલજમાં માણેકબા પીટીસી કોલેજમાં બેન્કીંગ વિષય ઉપર કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમ બી.ઓ.બી.ના મેનેજર અપૂર્વભાઈ ભાવસારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમમાં તાલીમાર્થી બહેનોને બેન્કના કામકાજ વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ જીવનમાં ઉપયોગી ઈન્ટરનેટ બેન્કીંગ વિશેની પૂરેપૂરી માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન તાલીમાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત સાથે અનેક પ્રકારની રમતો રમાડવામાં આવી હતી અને વિજેતા તાલીમાર્થીઓને પ્રોત્સાહક ઈનામો દ્વારા નવાજવામાં આવ્યા હતા. વિજેતા તાલીમાર્થીઓને કોલેજ પરિવાર તેમજ આચાર્યા સુરેખાબહેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## યુનિ.એ એન્ટી રેગીંગ કમિટી બનાવવાના પ્રયાસ હાથ ધર્યા

અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટીમાં એન્ટી રેગીંગ કમિટી ન હોવાથી તંત્ર હરકતમાં આવી ગયું છે. યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ત્યારે યુનિવર્સિટીમાં એન્ટી રેગીંગ કમિટી જ હોવાની વાતે નવા આવનાર વિદ્યાર્થીઓને સુરક્ષાની કોઈ વ્યવસ્થા નથી. ઉલ્લેખનીય અગાઉના વર્ષમાં એન્ટી રેગીંગ કમિટીની રચના કરવામાં આવી હતી પરંતુ અગમ્ય કારણોસર તેને વિખેરી નાખવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે દેશભરની કોલેજોમાં થતી રેગીંગની ઘટનાઓ રોકવા માટે એન્ટી રેગીંગ બીલ બનાવવામાં આવ્યું છે. જે અંતર્ગત દેશની તમામ યુનિવર્સિટીઓમાં અને કોલેજોમાં એન્ટી રેગીંગ કમિટીની રચના ફરજીયાત બનાવવામાં આવી હતી. જે કોલેજોમાં થતી રેગીંગની ઘટનાઓ સામે કડક હાથે કાર્યવાહી કરી તેને અટકાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ આચાર્યની વાત એ છે કે ગુજરાતની સૌથી મોટી એવી ગુજરાત યુનિવર્સિટીમાં એન્ટી રેગીંગ કમિટી જ નથી. યુનિવર્સિટી કેમ્પસમાં ભાષાભવન, મનોવિજ્ઞાન ભવન, સંકુલ ઓફ સાયન્સ સહિતના ભવનોમાં મોટી સંખ્યા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયુનિવર્સિટીની હોસ્ટેલમાં ૭૫૦ થી વધુ વિદ્યાર્થીઓ પણ રહે છે તેમ છતાં યુનિવર્સિટીમાં એન્ટી રેગીંગ કમિટી જ નથી. આવી સ્થિતિમાં જો વિદ્યાર્થીઓ સાથે રેગીંગની ઘટના બને તો કોણ જવાબદાર ? તે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. ત્યારે હવે મોડે મોડે જાગેલા તંત્રએ એન્ટી રેગીંગ કમિટી રચના માટેની તૈયારીઓ હાથ ધરી છે.

## કઈ શારીરિક વ્યાધિઓમાં કયો ખોરાક લેવો/ના લેવો : લેખાંક–૨

### ફિઝીકલ ફિટનેસ

- કાંતિભાઈ રા. પટેલ

(ગતાંકથી આગળ...)

(૭) પીઠનો દુખાવો (Backache) :

આ વ્યાધિમાં હલકો શાકભાજીવાળો ખોરાક ખાવાં જોઇએ

(૮) લોહીનું નીચું દબાણ (Low blood pressure) :

આ વ્યક્તિમાં ફક્ત સમતોલ શાકભાજી ખોરાક ખાવો જોઇએ.

(૯) શરદી અથવા ખાંસી (Cold or Cough) :

આ વ્યાધિમાં ચીકાશ પેદા કરતો ખોરાક, જેવો કે દૂધ અને તેની બનાવટો, ભાત અને માંસાહારી ખોરાક લેવાનું ટાળવું.

(૧૦) કબજીયાત (Constipation) :

આ વ્યાધિમાં તાજાં ફળ અને વિવિધ શાકભાજી ખાવા જોઇએ તથા પુષ્કળ પ્રમાણમાં પાણી પીવું જોઇએ.

(૧૧) ઉદાસીનાત (Depression)

આ વ્યાધિમાં સાદો શાકાહારી ખોરાક લેવો જોઇએ.

(૧૨) મધુપ્રમેહ (Diabetes)

આ વ્યાધિમાં ખાંડ/સાકરજન્ય પદાર્થો ખાવાનું ટાળવું જોઇએ.

(૧૩) ઝાડા અથવા અતિસાર (Diarrhoea) :

આ વ્યાધિમાં મગદાળ અથવા મગનું પાણી, ખિચડી અને મોળી છાશ ખોરાકમાં લેવી.

(૧૪) સંધિવા (Gout)

આ વ્યાધિમાં શરીરમાં યુરિક એસિડ એકઠો થાય તથા તે સાંધામાં એકઠો થાય ત્યારે દુખાવો થતો હોય છે.

આ વ્યાધિમાં માંસાહારી ખોરાક લેવાનું ટાળવું તથા પુષ્કળ પાણી પીવું.

(૧૫) ફૂલમાંથી ઝરતી રજને કારણે થતી છીંક, ઉદરસ, માથાનો દુખાવો વગેરે (Hay fever)

આ વ્યાધિઓમાં માંસાહારી ખોરાક અને ડેરીની બનાવટો ખોરાકમાં લેવાનું ટાળવું.

(૧૬) કિડનીની બિમારી (Kidney ailment)

આ વ્યાધિમાં, ખોરાકમાં મીઠા (Sault) નું પ્રમાણ ઓછું કરી દેવું અને પુષ્કળ પાણી પીવું.

(૧૭) સ્તન ગ્રંથિઓ દ્વારા દૂધનો સ્ત્રાવ (Lactation)

આ વ્યાધિમાં પુષ્કળ પ્રવાહી, કેલ્શિયમ-પ્રચુર ખોરાક, ગાયનું દૂધ અને તેની બનાવટો, તાજા ફળો અને ઋતુ પ્રમાણેમાં શાકભાજી ખાવા.

તેજાનાની સોડમવાળી ખોરાક, દારૂ, તમાકુ, વધારે માત્રામાં ચા અને કોફી લેવાનું ટાળવું.

(૧૮) કલેજાની અસ્વસ્થતા (Liver clisorders)

આ વ્યાધિમાં તૈલી પદાર્થો, તળેલો ખોરાક, દારૂ અને તમાકુનો ઉપયોગ ટાળવો.

(૧૯) રજોદર્શન - માસિક ધર્મ (Menotruation)

આ પરિસ્થિતિ દરમિયાન તાજા ફળ અને સલાડ સાથે શાકાહારી ખોરાક ખાવો.

(૨૦) મેદસ્વીતા (Obesity)

આ વ્યાધિમાં તૈલી પદાર્થો, તળેલો અને સ્ટાર્ચયુક્ત ખોરાક લેવાનું ટાળવું. વધારે પડતા ઉપવાસ અને વધારે પડતું ભોજન લેવાનું ટાળવું, બે ખાણાં વચ્ચે પણ ખોરાક લેવાનું ટાળવું.

(૨૧) ચામડીનાં દરદો, જેવા કે ચામડીનો સોજો, અથવા ત્વચાપ્રકોપ (Dermahitis) અને ખરજવું (eazema) :

વધારે પડતી ચા, કોફી, તેજાનાની સોડમવાળો ખોરાક, માંસાહારી ખોરાક, મીઠાઇઓ તથા તળેલો અને તૈલી ખોરાક લેવો જોઇએ નહીં.

(૨૨) ચાંદા પડવા (Ulcers) :

આ વ્યાધિમાં સહેલાઇથી પચાવી શકાય તેવો ખોરાક જેવા દૂધની બનાવટો, પ્રવાહીયુક્ત કે અર્ધપ્રવાહિયુક્ત ખોરાક અને પોચા ફળ ખાવાં જોઇએ.

(૨૩) આંત્ર વાયુ (Intestinal Gas)

આ વ્યાધિમાં ખોરાક વધારે વખત આવીને ખાવો જોઇએ.

ખાવાના એક કલાક પહેલાં અને ખાવાના એક કલાક પછી પાણી પીવું જોઇએ. વાલ અને દાળ ખાવાનું ટાળવું જોઇએ.

આ પછીના લેખાંકમાં "વજન તો કદાચ ઓછું થયું હશે પરંતુ તેને જાળવી રાખવા શું કરવું?" એ શિખવું હેઠળ વિષદ ચર્ચા કરવામાં આવશે.

(ક્રમશઃ)